ૐ શ્રી

કીમિયાગર

અથવા

અપ-ટુ-ડેટ મવાલી.

: છપાવી પ્રસિદ્ધ કરનાર :

બાપુલાલ બી. નાયક.

માલિક-મુંબઇ ગુજરાતી નાટક મંડળી.

નવીન થીએટર--જુનાગઢ.

આવૃત્તિ ૩ જી | પ્રત ૩૦૦૦

આ ચોપડી જૈન એડવોકેટ પ્રીન્ટીંગ પ્રેસમાં વાડીલાલ બાપુલાલ શાહે છાપી. ઠે. ઘીકાંટા-અમદાવાદ.

સંવત ૧૯૮૭ | ઇ. સ. ૧૯૩૧

મૂલ્ય રૂ. ૦-૪-૦

ક્રીમિયાગર.

અથવા

અપ-ટુ-ડેટ-મવાલી.

ટુંક સાર.

અંક ૧ લો.

મંગળાચરણ અને વસ્તુસૂચન.

દૃશ્ય ૧ લું—વિકટોરીયા ગાર્ડન.

મુંબઇનો અપ-ટુ-ડેટ મવાલી નાનુ નાણાવટી પોતાના સાથીદારો મીનુ, ખુશરૂ અને નંદુને ભોળા લોકોને ઠગવા-ની ક્રીમિયાની યુક્તિ સમજાવે છે અને તેમના ગયા પછી ફ્રીમેલ બૉર્ડીંગ હાઉસમાં ભણતી કાન્તાને પોતાના પ્યારમાં ફસાવી તેની પાસે સીલ કરેલું પેકેટ છે તેનો ભેદ જાણવા નાનુ નાણાવટી આવે છે અને કાન્તાને ભોળવે છે, કાન્તા પેકેટ લેવા બૉર્ડીંગમાં જાય છે, ત્યાં શ્રીપતરાયનો કાન્તાને ભેટો થાય છે. પેકેટનો ભેદ ખુલે છે અને પિતા પુત્રીની અચાનક પીછાણ થાય છે, અને નાનુ પરણેલો છે એની કાન્તાને જાણ થાય છે. શ્રીપતરાય જાય છે, નાનુ આવે છે; કાન્તા તેની સાથે વાત નહિ કરતાં ચીડાઇને ચાલી જાય છે. નાનુ વહેમાય છે.

દૃશ્ય ૨ જું—પોલીસ સ્ટેશન.

નાનુ નાણાવટી શ્રીપતરાય દેસાઈને ફસાવવા અને સીલ કરેલું પેકેટ મેળવવા પોલીસ ઈન્સ્પેક્ટર નરીમાનને ઉલટુ સુલટુ સમજાવવાનો પ્રયત્ન કરે છે. નરીમાન દાદ આપતો નથી. નાનુ જવા માંડે છે પણ શ્રીપતરાયને ત્યાં આવતો જોઈ છુપાઈ જાય છે. નરીમાન અને શ્રીપતરાય વચ્ચે કેટલીક વાટાઘાટ થાય છે. ફીતુરી ભાષણ નહિ કરવાની ધમકી આપી નરીમાન શ્રીપતરાયને મુંબઈ છોડી ચાલ્યા જવાનો હુકમ કરે છે અને શ્રીપતરાયના જવા પછી ઓલ્ડ કૉન્વીક્ટસ બ્લેક બુક તપાસે છે તેમાં આરોપી રામલાલના ચહેરા સાથે શ્રીપતરાયના ચહેરાનું મળતાપણુ હોવાથી નરીમાન શંકિત થઈ નાનુને ટેલીફોન કરે છે, છૂપાઈને સાંભળતો નાનુ હાજર થાય છે અને શ્રીપતરાય પાસે એક સીલ કરેલું પેકેટ છે એવું સમજાવી નરીમાનને ઉશ્કેરે છે. કંઈક ગુપ્ત બાબત હશે એમ સમજી નરીમાન શ્રીપતરાયના નામનુ વૉરંટ લેવા જાય છે.

દૃશ્ય ૩ જું—સોનેરી ટોળીની અંધારી ગુફા.

નાનુ નાણાવટી સિદ્ધના સ્વાંગમાં ભોળા લોકોને ઠગવાનું ફાવત્રુ કરે છે. રૂપીઆ દસની નોટમાંથી સોની અને સોની નોટમાંથી હજારની નોટ બનાવવાની કીમિયાની વાતોથી ભોળવાઈ કેટલાક માણસો બનાવટી સિદ્ધનો ચમત્કાર જોવા અને વગર મહેનતનો પૈસો મેળવવા આવે છે અને નાનુ નાણાવટીના સિદ્ધના આડંબરમાં અંજાય છે. એ નવા શિકારોમાં સપડાએલા અહી અડાજનીયાને રૂપીઆ સોની નોટની એક હજારની નોટ નાનુ આપે છે અને તેની પાછળ પોતાના બદમાસ સાથી મીનુને ખીસ્સુ કાતરી રૂપીઆ એક હજાર લઈ આવવા મોકલે છે, રસિક નામના નાનુના મળ-

તીયાની સોબતમાં સપડાએલો ભોળો ધનીક યુવાન રમણલાલ નાનુના કીમિયાની વાતોથી ભોળવાઈ રૂપીઆ પચાસ હજાર ગુમાવી બેઠો છે. તે આજે પોતાની સ્ત્રીના દાગીના વેચી તેની ચાંદીની પાટો લઈ તેનું સોનું કરાવવા આવે છે, કારણ કે કીમિયાના પ્રયોગમાં નોટો બળી જાય છે એમ કહી નાનુ નાણાવટીએ એ રૂપીઆ પચાસ હજાર હજમ કર્યા હતા. ચાંદીનું સોનું કરાવવા આવેલો રમણ બદમાસ નાનુની ચાલાકીથી પૂરેપૂરો પાયમાલ થાય છે.

દૃશ્ય ૪ થું—રસ્તો.

રૂપીઆ સોની નોટના એક હજાર કરી ઘેર જતા અદી અડાજનીયાનું મીનુ ખીસ્સુ કાતરી લે છે, અદી ગભરાઈને બૂમરાણ મચાવી મૂકે છે, ગડબડ સાંભળી ગોવા આઇસ ફેકટરીના માલીક શ્રીપતરાય દેસાઈ ત્યાં આવે છે ને અરદેશરને નીતિનો માર્ગ બતાવા તેની દયા ખાઈ રૂપીઆ સો ધીરે છે તે પણ બદમાસ મીનુ ખીસ્સુ કાપી લઈ લે છે અને ખુશરૂની સાથે ભોળા ડરપોક અદીને મદદ કરવાને બહાને તેના શેઠની તીજોરી લૂંટવા જાય છે.

દૃશ્ય ૫ મું—રમણલાલનું મકાન.

રમણની પત્ની રમા રમણને રસિકની સોબત છોડી દેવા સમજાવે છે, ભોળા દિલનો રમણ રસિકને સન્મિત્ર માને છે; ત્યાં રમણને પાયમાલ કરનાર રસિક તેના ખરા સ્વરૂપમાં જાહેર થાય છે. રમા તેને ધિક્કારી ધક્કા મરાવી ઘર બહાર કઢાવી મૂકે છે. રમણ ગુસ્સામાં રસિકની પાછળ પીસ્તોલ લઈને જાય છે.

દૃશ્ય ૬ ઠું—રસિકલાલનો બંગલો.

મીનુ, ખુશરૂ, અદી સાથે બંગલામાં ઘુસી નાનુ નાણાવટીની

મદદથી તીજોરી લૂટે છે ત્યાં રમણ રસિકપર વેર લેવા આવે છે; નાનુ તેને મારી બેહોશ કરે છે. ગડબડ સાંભળી રસિક આવે છે; રકઝકમાં નાનુ રસિકનું ખૂન કરે છે અને રમણ પાસે પીસ્તોલ મૂકી અદીને લઈ નાસી જાય છે. આ દરમ્યાન અદી ફ્લૅશ-લાઈટથી આ પ્રસંગનો ફોટો પાડી લે છે. રમણ શુદ્ધિમાં આવતાં રસિકનું ખૂન થએલું જોઈ ગભરાય છે અને પોલીસને આવતી જોઈ નાસી જાય છે. પોલીસ ઇન્સ્પેક્ટર નરીમાન આવી તપાસ કરે છે; રમણની પીસ્તોલ પકડાય છે.

દૃશ્ય ૭ મું—રમણનું મકાન.

રમણ ગભરાટમાં દાખલ થાયછે રમાને બધી હકીકત જણાવે છે અને રમાની સલાહથી પોતાના પર ખૂનનો આરોપ હોવાથી ગોવા નાસી જાય છે. નરીમાન આવી ઘરની ઝડતી લે છે ને ઘરમાં પડેલું ટાઈમટેબલ તપાસતાં ગોવે જતી સ્ટીમરની નીચે લાલ માર્કો જોઈ રમણને પકડવા બંદર પર જાય છે.

દૃશ્ય ૮ મું—નાનુ નાણાવટીનું મકાન.

સોનેરી ટોળીમાં સપડાએલો અદી શ્રીપતરાયને નાનુની ચાલબાજી સમજાવી ગોવે નસાડી મૂકે છે. નાનુની સ્ત્રી નિર્મળા સાથે કાન્તાનો મેળાપ થાય છે. નિર્મળની દુઃખી હાલત જોઈ કાન્તા નાનુને ધમકાવે છે, નાનુ નિર્મળા પર ગુસ્સે થઈ પીસ્તોલ ફોડે છે; કાન્તા વચ્ચે પડવાથી ઘાયલ થાય છે, નરીમાન ત્યાં આવે છે. નાનુ કાન્તાના ખૂની તરીકે શ્રીપતરાયને ઓળખાવી નરીમાનને તેની પાછળ દોડાવે છે, અંતે ઘાયલ થયેલી કાન્તાને સોનેરી ટોળીના ભોંયરામાં ઉપાડી જાય છે.

(ડ્રોપ્સીન)

અંક ૨ જો.

દૃશ્ય ૧ લું-ગોવાનો રસ્તો.

નાનુ નાણાવટીએ મોકલેલા ખુશરૂ, મીનુ શ્રીપતરાયની બાતમી મેળવે છે અને ખોટી ગોવા લોટરીની ટીકીટો વેચી ખીસ્સાં ભરે છે. તેમના ફંદામાં રમણલાલ જે રમેશ નામ ધરાવી ગોવા આઇસ ફેકટરીમાં નોકર રહ્યો છે તે ફસાય છે અને પાછળથી ટીકીટો ખોટી છે એમ જાણી ખુશરૂને બદલે ભૂલથી શ્રીપતરાયનો હાથ પકડી તેમની પાસે ટીકીટોના પૈસા માગે છે. શ્રીપતરાય તેની સર્વ બીનાથી વાકેફ થઈને નીતિને માર્ગે જવા સલાહ આપે છે. પણ હાર્યો જુગારી બમણું રમે. એ સૂત્રાનુસાર રમણ હરામનું નાણું મેળવવાનાં ખાલી ફાંફાં મારે છે.

દૃશ્ય ૨ જું—સોનેરી ટોળીની ગુફા.

એક વેશ્યાની છોકરી મદિરાને નાનુ નાણાવટીએ પોતાનું હથીઆર બનાવી રાખી છે તેની સાથે વાતચીત કરે છે, ત્યાં મીનુના કાગળથી શ્રીપતરાય ગોવામાં છે એમ જાણી કેદ કરેલી કાન્તાને તેની બાતમી આપવા કહે છે. કાન્તા જવાબ આપતી નથી, ત્યાં નાનુના માણસો રમાને લઈને આવે છે. નાનુ રમાને રમણનો પત્તો આપવા દબાણ કરે છે. રમા જવાબ આપતી નથી તેથી તેને મારવા પીસ્તોલ ફોડે છે પણ પીસ્તોલ ખાલી હોવાથી બ્હાર થતો નથી; ત્યાં અદી આવી ખબર આપે છે કે પોલીસ બંગલા પર તમારી રાહ જુએ છે; તેથી નાનુ, રમા અને કાન્તાને ઓરડીમાં પુરી

ચાલ્યો જાય છે. અહી અડાજનીયાની મદદથી કાન્તા, રમાનો છુટકારો થાય છે. અહીં કાન્તા પાસે પોતાનું ચોરાઈ ગયેલું નાટક શોધી આપવું એવી શરત કરાવે છે અને રસિકના ખુનના ફ્લૅશ લાઈટથી લીધેલા ફોટાને કાગળ સમજી તેના ઉપર પોતાના નાટકનું નામ લખી કાન્તાને આપે છે.

દૃશ્ય ૩ જું-ગોવા આઈસ ફેક્ટરીની ઑફીસ.

શ્રીપતરાયનું ગોલ્ડ રીસ્ટ વૉચ ચોરી લોટરીની ટીકીટો ખરીદવા માટે રમણ ઘડીઆળ વેચવા ગયેલો તે પોલીસના હાથે પકડાય છે, પોલીસ તેને શ્રીપતરાય પાસે લાવે છે, શ્રીપતરાય ઉદારતા બતાવી તેને છોડાવે છે, ત્યાં નરીમાન વૉરંટ લઈ આવે છે પણ એટલામાં આરોપી પકડાયાનો મુંબઈ સી. આઇ. ડી. નો તાર મળવાથી શ્રીપતરાયને કેદ નહિ કરતાં ચાલ્યો જાય છે. સોનેરી ટોળીની ગુફામાંથી છુટી થએલી કાન્તા ત્યાં આવે છે; પિતા પુત્રીનો મેળાપ અને રમેશચંદ્ર નામથી રમણની કાન્તાને શ્રીપતરાયે કરાવેલી ઓળખાણ.

દૃશ્ય ૪ થું—વિકટોરીયા ગાર્ડન.

ઉદવાડાના પેસ્તનજી પાપડીવાલા ઘરડે ઘડપણ બાયડી પરણવાની ઈન્તેજારીમાં નાનુ નાણાવટીના સપાટામાં સપડાય છે, નાનુ મહિરાને "મહેરાં" બનાવી લાકડે માંકડુ વળગાડી પેસા પડાવે છે.

દૃશ્ય ૫ મું—નાનુનો બંગલો.

ઑકશનમાં રમણનો બંગલો નાનુએ ખરીદ કર્યો તે સિરનામે રમા ઉપર રમણના આવેલા કાગળની બાતમી નાનુ

નરીમાનને આપે છે અને તેને પકડવા મોકલે છે. નાસી છુટેલા અદી અને રમાને પકડવા નાનુ અદીનો લખેલો "બાંડો સાપ" નાટક ધર્મચુસ્ત નાટક મંડળીને વેચે છે, બાદ નાનુની ત્રીસમી વર્ષગાંઠના ઉત્સવમાં નાચ ગાન તાન; ત્યાં એક સાથી પોલીસ મારી પાછળ પડી છે એવી ખબર આપે છે; નાનુ તેને છુપાવી પોલીસને થાપ આપે છે.

(ટૅબ્લો)

અંક ૩ જો.

દૃશ્ય ૧ લું—ગોવા આઇસ ફેકટરી.

રમેશ નામ રાખી ગુપ્ત રહેલા રમણ સાથે કાન્તાનું લગ્ન કરવાનો શ્રીપતરાય વિચાર કરી રમણને તે બીના જણાવે છે. રમાના પ્રેમી રમણની મુંઝવણ, કાન્તા અદીના આપેલા ફોટાપરથી રમણને ઓળખે છે; રમણને પકડવા નરીમાન આવે છે પણ શ્રીપતરાય તેને રમેશ તરીકે ઓળખતા હોવાથી જુબાનીમાં અહીં રમણ છેજ નહિ તેમ જણાવે છે. ત્યાર બાદ કાન્તાના ખૂન માટે કેદ પકડાએલા આરોપીને નિર્દોષ ઠરાવવા શ્રીપતરાય કાન્તા અને રમણનું મુંબઈ જવું.

દૃશ્ય ૨ જું—પેસ્તનનું ઘર.

મહિરા (મહેરાં) મીનુની મદદથી પેસ્તનના ઘરની માલ મીલ્કત લઈ નાસી જાય છે, પેસ્તન પાયમાલ થાય છે; કીકલીની સલાહથી બદમાસનો પત્તો મેળવવા મુંબઈ જાય છે.

દૃશ્ય ૩ જું—વિકટોરિયા ગાર્ડન.

"ખાંડો સાપ" મળ્યો છે એવી જાહેર ખબર છપાવાથી કાન્તા અદી રમણ રમાની મુલાકાત થાય છે. વાતચીતમાં રમણને ઓળખી ડીટેકટીવ રમણને કેદ કરે છે, રમાને કાન્તા દિલાસો આપે છે.

દૃશ્ય ૪ થું–ક્વીન્સરોડનો બંગલો.

મતલબનગરનો નવાબ બની નાનુ ઝવેરીઓ અને વેપારીઓને ઠગવાની ખાસ બાજી ચલાવે છે પણ નરીમાનના સકંજામાં સપડાય છે અને પોલીસને થાપ આપી નાસે છે મીનુ, ખુશરૂ અને મદિરા કેદ પકડાય છે.

દૃશ્ય ૫ મું—નિર્મળાનું મકાન.

કાન્તા અને નિર્મળાનો મેળાપ, પતિવ્રતા નિર્મળાની પતિભક્તિ, નાસી આવેલા નાનુને સંતાડવાનો નિશ્ચય, કાન્તાનું વચ્ચે પડવું; ત્યાં નરીમાન આવી નાનુને કેદ કરે છે.

દૃશ્ય ૬ ઠું—પ્રેસીડંસી મેજીસ્ટ્રેટ કોર્ટ.

કાન્તાના ખૂનના આરોપમાં કેદ પકડાએલા શામલાલને શ્રીપતરાય ઉર્ફે રામલાલ હાજર થઈ મુક્ત કરાવે છે. પણ તે હર્ષઘેલો થાય છે ત્યાં સાક્ષીઓનો જુબાનીથી નાનુ નાણાવટી ઉપર રૈયતને ઠગવાના તથા ખૂનના આરોપ પુરવાર થાય છે. બદમાસ નાનુ બદલાએલો રંગ જોઈ આપઘાત કરે છે. **કીમિયાગર અપ-ટુ-ડેટ મવાલી નાનુ નાણાવટીને તેના પાપનું ફળ મળે છે.**

ૐ શાન્તિ ! શાન્તિ !! શાન્તિ !!!

પાત્ર પરિચય.

પુરૂષ પાત્રો

નાનુ નાણાવટી—કીમિયાગર અપ-ટુ-ડેટ મવાલી.
રમણલાલ--મુંબઇનો શ્રીમંત યુવાન.
રસિકલાલ—રમણનો મિત્ર.
અરદેશર અડાજનીયો-રસિકનો કલાર્ક.
શ્રીપતરાય ઉર્ફે રામલાલ-ગોવા આઇસ ફેક્ટરીના માલિક.
શામલાલ--રામલાલનો ભાઈ.
નરીમાન—પોલીસ ઇન્સ્પેકટર.
મીનુ, ખુશરૂ, નંદુ—સોનેરી ટોળીના મેમ્બર.
પેસ્તનજી પાપડીવાલા ઉદવાડાનો ભોળો પારસી.

સ્ત્રી પાત્રો

રમા--રમણની પત્ની.
કાન્તા--શ્રીપતરાયની પુત્રી.
નિર્મળા--નાનુની ધર્મપત્ની.
મદિરા—નાનુની રખાત વેશ્યા.
કીકલી--પેસ્તનજીની નોકરડી.

તદુપરાંત પોલીસ, છોકરા, કચેરીઓ, વેપારીઓ મવાલીઓ, ઇત્યાદિ.

સ્થળ—મુંબઇ, અંધેરી, ઉદવાડા.

સમય—વીસમી સદી.

કીમિયાગર

અથવા

અપ-ટુ-ડેટ-મવાલી.

મંગળાચરણ.

બાળાઓ— ૧

જય જય જગનાથ સ્વામી પુનિત પરમ પૂર્ણકામ,
શરણ રહીએ કરૂણાકર, આત્મન અભિરામ રે તું.
આપો સુયશ નટવર, આપ સકલ વિપદ હરણઃ
શ્રેયસુકર નાથ્ય સકલ, અજર અમર અગમ નિગમ,
સહુ જીવ વિરામ રે તું૦

બાળાઓ— ૨

દિલમાં ના ડરે.
નિજ ભાન ભૂલે, મદ મોહે ફૂલે.
નીતિ ધર્મ તજે, મન મૂરખ માન.
અભિમાન ધરે. —દિલમાં૦

પુણ્ય પંથ પાપી પરહરતા
પાપ અમાપ અવનીમાં કરતા.
જીવન ધૂળ જગમાં કરે- દિલમાં૦

કંચનીઓ— ૩

અમન ચમનનાં ગુલશન ખીલ્યાં

લેવા સુવાસ-

કમ એલોંગ કમ એલોંગ વી વીલ ગો

ફાર એન્ડ અવે વેર ધ ફેરી લીવ્ઝ.

હાસ્યને ઉલ્લાસના જ્યાં વ્હાલા એ વિલાસ

છે રસ રાસ—

રસિકહૃદ્ અભિલાષ, છે વિલાસ—

પ્રિયકર પ્રીતિ પાસ—

લાફ લાફ લાફ ઓલ ફ્રેન્ડઝ, હેવન્લી બોઇંગ્ઝ.

કાન્તા— ૪

સકલ સુધારસ ભરી સુહાયે

મનહર મીઠી પ્રિયતમ પ્રીતિ

રસિક હૃદય રસઘેલાં બને—

પ્રિયતમ પ્રિયકર પ્રેમ પરિમલ,

રસભર સુખકર શીતલ સ્નેહલ,

મમ મન મુદભર થાયે થાયે—

કાન્તા-નાનુ— ૫

રસભર મનહર પ્રિય વાગી, વ્હાલની વીણા

રણકાર હૃદય ડોલાવે

રસધાર રસિક રેલાવે

મસ્તાન બને મનડાં મીઠાં, આ વ્હાલની વીણા૦

પ્રેમ પ્રતિમા પ્રેમ ભરેલી, અધર અધર રસ અમૃતપાન

પ્રિયકર પીશું નિશદિન પાશું દેશું દિલનાં દાન મીઠાં,

આ વ્હાલની વીણા૦

રમા— ૬

ગોરે ગોરે મુખપર બેસર સોહે
ઓર સોહે નયનન કજરારે,
સેંસફુલ બેંદી સોહે
કંઠમાલા ઉર
ઓર સોહે મોતીયન ગજરારે—ગોરે૦

રમા— ૭

પ્રણય પૂજારી પીયુ આપની હું દીન કિંકરી,
પૂજીશ પાય દેવ આપના હું દીન કિંકરી
હજાર આફતો આવે છતાં ડરવું શાને ?
શિરે છે આપની છાયા તો સુખી દીન કિંકરી.
સુકાની આપ છો સંસાર સિન્ધુ તારનારા
દયાળુ દેવ છો મારા હું તમારી દીન કિંકરી—

રમા— ૮

સુખ દુઃખમાં અબળા, સ્વામિની સાચી સાથીદાર
અમીરી ફકીરી છે દુનીયાની માયા,
ચડતીના ખોટા ચમકાર—
સ્વામિ સેવામાં છે સુખ સહુ સમાયાં
ભરપૂર ભર્યા છે ભંડાર—
જુદી થશે ના કાયાથી છાયા,
સ્ત્રીનો સહારો ભરથાર—

નિર્મળા— ૯

ગમે તેવા છતાં આ રંકના આરાધ્ય દેવા
મને વ્હાલી સદા સંસારમાં છે સ્વામિ સેવા
ન ચાહું સુખનાં સાધન વળી વૈભવ વિલાસો
જગત જંજાળથી મારે નથી કંઇ લેવા દેવા
જીવન વિશ્રામ દિલારામ પુરણ કામ મારા
પતિ બ્રહ્મા પતિ વિષ્ણુ પતિ દેવાધિદેવા.

કાન્તા— ૧૦

જાહેરમાં લાવીશ તારી દમબાજી,
ગુમાની નીચ પાજી રહ્યો શાને તું ગાજી
સતી સુભાગી સ્રીને સતાવે,
અરે ધિક્કાર હોજો ફીટકાર.
રંગ ઢંગમાં તું પૂરો મવાલી,
નિરખી કુકર્મ તારાં પૂર્વજ રહ્યા છે લાજી.
—જાહેરમાં૦

અંક ૨ જો.

મીનુ— ૧૧

મહા પંડિત દૈવાચી રેષા પહાનારા જોતીષવાલા,
હિમાલય પર્વત વરૂની આકાશ પન્થે ઉડોની હો આલા;
શનિચી વક્રનજર અસે મંગલ ધામી
ગુરૂલા ચંદ્ર ખગોની નયેતી કામી
રવિ શશી ગુળતા હોઇલ નામી
શુક્ર નસીબી અસેલ સ્વામી
ત્યાચા પાર બેડા નસે બખેડા મીળે ધનાલા.

મદિરા— ૧૨

ભાવના ભરાય મારૂં હૈયું હરખાય,
જગાવે પ્રેમ જ્યોત પ્રિય આંખડી;
અધિરી થાય જોઈ વ્હાલમની વાટડી,
ઉજાસ ઉરમાં અનેરા કંઈ થાય,
નચાવે નાચ નાચે પ્રિય આંખડી.
પ્રિયઉર પ્રેમભરે રસિક હૃદય ઠરે,
અમીરસ સીંચે સીંચાય, રગેરગ રેલે રેલાય;
નચાવે નાચ નાચે પ્રિય આંખડી.

—ભાવના૦

મદિરા–નાનુ— ૧૩

રીસાશો ના રસિલી માનો માનો
ઉંહું છણકાઇ છેટાં નવ રહીએ
તમે ધૂતારા કામણ કરનારા ઠગારા,
અમે મનડાની વાત કોને કહીએ;
રાખો સ્નેહની મીઠાશ,
વિમળ વ્હાલના વિલાસ— ઉંહું ઉંહું૦
છણકાઇ છેટાં નવ રહીએ.
વ્હાલથી વિનતિ કરૂં વ્હાલી કહે ઉંહું
શબ્દાર્થ ના સમજી શકયો એ શું હશે ઉંહું ?
સમજવા સાહસ કરૂં ત્યાં એ નડે ઉંહું
વિલાસની વચ્ચે જુઓ આવી પડે ઉંહું.

મદિરા— ૧૪

ફેશનમાં ફક્કડ થઇ ફરવું, દુનીયામાં કોઈથી ના ડરવું,
મરવું પડે તો મરવું પણ બસ પોઝીશનમાં મરવું;
પેંટ કોટ બુટ સ્ટૉકીંગ પહેરી જેન્ટલમેન થવાનું,
પ્લેઝર કરશું પાલવે જઇને, હેંગીંગ ગાર્ડન ફરવાનું.

પેસ્તન–બુઢ્ઢાપામાં બાસઠ વરસે મલી ફાંકડી નારી,
જાની ટારે કાજે હું જોડાવું ઘોડાગારી.
—ફેશનમાં૦

નાનુ— ૧૫

સહાય કરશે સરજનહાર
થાશે મારો બેડો પાર
વાંદરામાં પાલી હીલ પર ફેરવીશ મોટરકાર
મોટરમાં બ્રાન્ડી શ્રીસ્ટાર સાથે એક માશુક ગુલઝાર
લ્હેર ઉડાવતાં અમને જોઈ હરકોઈ કરશે ચર્ચા
આ ચાલ્યો લખપતિનો દીકરો ને સાથે મીસ માહતાબ
સહુ દોસ્તો મગરૂર થઈ પૂછશે કે અમને કહો જનાબ

કોરસ

હુ વેર યુ વીથ લાસ્ટ નાઇટ,
હટ વોઝન્ચેોર સીસ્ટર, ઈટ વોઝન્ચેોર મા, હા—હા—હા
હુ વેર યુ વીથ લાસ્ટ નાઇટ
આઉટ ઓફ ધી પેલ મુન લાઇટ,
વી આર ગોઈંગ ટુ ટેલ યોર મીસીસ વેન યુ ગેટ હોમ

છોકરાઓ— ૧૬

દીલ મીલકર મનવાયે ખુશીયાં
ફુલ બલસે ખુશ કરદે રસીયાં
ખીલકર હમ કલીયાં
અયસ ઉડાયેયાં બનકર રંગ રલીયાં
જ્યુ બીખરે મોતીકી લડીયાં કે હમ હય ફુલોંકી છડીયાં
અય શૌકીન શ્રીમાન હરઆન હમ કુરબાન.
અય મહેરબાન પુરા હો તેરા ભી અરમાન,
તું હૈ શાનદાર આલીવિકાર આલીશાન.
દુનાહો તેરા યકબાલ જીશાન ખુશ નિશાન—દીલમીલ૦

અંક ૩ જો.

મદિરા-પેસ્તન— ૧૭

છોડો છેડો ન છેડો છબીલા છકેલા
મારી નાજુક કમર બલખાય છે
હું છું જોબન મદમાતી લટકાળી મારી ચાલ
જાનેજીગર આ જીગર ઘવાય છે
મીઠી માશુક મસ્તાની બનાવી દિવાની
મારા કાળજામાં કંઈક કંઈક થાય છે
રૂપ જોઈ દુનીઆ દિવાની થાય છે.
એક બોસો આપો શું તકરાર કરોજી
વ્હાલા ખાનદાનનો જરા વિચાર કરોજી
કરૂં ખિદમત દિલદાર
છોડો છોડો સરકાર
ખીલી જોબન ફુલવાડી લૂંટાય છે
મારી આશા અધુરી રહી જાય છે.—છોડો૦

રમા— ૧૮

દુઃખ ક્યાં સુધી સહીએ આધાર એક તારો
બળતાં જીગર અમારાં સંતાપ તાપ ઠારો

તોફાનમાં પડેલી ભવસાગરે ડુબે છે
સાચા થઇ સુકાની નૈયાં અમારી તારો
ભૂલાં પડીને ભટક્યાં ભોળા અમે પ્રવાસી
જીવન બચાવવાનો એકે રહ્યો ન આરો

નાનુ--   ૧૯

ડોલાવી જાણે તો સ્હેજે દુનીયાં આખી ડોલે
વીસમી સદીનાં વંઠેલાં વાજાં બેસુરાં બોલે
પડતા ઉપર પાટુ મારે નબળાને દે ધક્કા
ધંધો ધાપો છોડી રમતા રખડુ પંચા છક્કા
ઉપરનો ભપકો ભારી પણ છે ખીસ્સાના ખાલી
આજકાલના જેન્ટલમૅનો અપ-ટુ-ડેટ મવાલી

નિર્મળા--   ૨૦

યુવાની દીવાની

ભાન ભૂલવીને ભમાવે રે ગુમાની
જન જીવન વિષમય કરતી
નીતિ ધર્મ કર્મ પરહરતી
મદમસ્ત મોહ મસ્તાની........ યુવાની૦

નિમંળા-- ૨૧

સુંદરી સતી ધર્મ સંભાળો
પ્રિય પતિ પ્રેમને પાળો
સુખ દુઃખ સમાન, ધરી ધૈર્ય ધ્યાન
નીતિ ધર્મ કર્મ નિહાળો સંભાળો
પતિ પુનિત નામ પ્રિય પુરણ કામ-
છે સુખ સ્વર્ગ સંસારે
નાથ નામથી નેહ લગાવી પતિ પ્રેમને પાળો

સમાપ્ત.

જાહેર ખબર.

નીચે લખેલાં પુસ્તકો મુંબઈ ગુજરાતી નાટક મંડળીનો જ્યાં હોય ત્યાંથી રોકડી કીંમતે મળશે. વી. પી. થી મોકલવામાં આવશે

૧ કુલીન--કાન્તા.
૨ શાકુંતલ.
૩ કનક--તારા.
૪ હરિશ્ચંદ્ર.
૫ રાજ બીજ
૬ કેદબાળા.
૭ રસીક--માની.
૮ નળ-દમયંતી.
૯ માનસિંહ--અભયસિંહ.
૧૦ સુંદર-વેણી.
૧૧ ચંદા
૧૨ પ્રેમકળા.
૧૩ દુઃખી બાપ બ્હેન.
૧૪ મેવાડનો પ્રતાપીચંદ્ર.
૧૫ લલિતા દુઃખદર્શક.
૧૬ મુળરાજ સોલંકી.
૧૭ કરણ ઘેલો.
૧૮ બારિસ્ટર.
૧૯ રામ ચરિત્ર.
૨૦ ઉજ્જડાધિપતિનો રમણ.
૪૧ વસંત-પ્રભા.
૪૨ દેવકન્યા.
૪૩ કૃષ્ણ ચરિત્ર
૪૪ પ્રતાપ--લક્ષ્મી.
૪૫ સંગીતના ફળ.
૪૬ સ્નેહ-સરિતા.
૪૭ સુધા-ચંદ્ર.
૪૮ મધુ બંસરી
૪૯ મેઘ--માલિની.
૫૦ આનંદ--લહરી.
૫૧ વિશ્વલીલા.
૫૨ ભારત સંતાન.
૨૧ પુષ્પસેન--પુષ્પાવતી.
૨૨ દાગેહસરત.
૨૩ જયરાજ.
૨૪ જહાંગીર શાહ ગૌહર
૨૫ નૃસિંહાવતાર.
૨૬ તિલક કુમાર.
૨૭ નેક અંજામ
૨૮ તિલસ્મે હલ્કત્
૨૯ અજબ કુમારી.
૩૦ વીર મંડળ.
૩૧ માલીની.
૩૨ નવલ--કુસુમ.
૩૩ વિક્રમ ચરિત્ર.
૩૪ સૌભાગ્ય સુંદરી
૩૫ જુગલ જુગારી.
૩૬ કામલતા.
૩૭ નંદ બત્રીસી.
૩૮ ખાન્દાને ગુલ.
૩૯ ચંદ્રભાગા.
૪૦ નવલશા હીરજી.
૫૩ વીર માનસિંહ.
૫૪ મોહક મહિલા.
૫૫ કુમળી કળી.
૫૬ રાઈનો પર્વત.
૫૭ જમાનાનો રંગ.
૫૮ કોલેજની કન્યા.
૫૯ કાશ્મીરનું પ્રભાત.
૬૦ કુદરતનો ન્યાય.
૬૧ કીમિયાગર.
૬૨ સ્વામિભક્તિ.
૬૩ કુળદીપક.
૬૪ બાપના બોલ
૬૫ કુટીલ રાજનીતિ.